# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને ખુલ્લો પાડવા પ્રથમ સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ પાંચ દેશ માટે રવાના.

2) છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 20 નક્સલીઓ ઠાર.

3) ગુજરાતમાં સિંહની વસ્તી ગણતરી પ્રમાણે કુલ 891 સિંહ વસવાટ કરતાં હોવાનું અનુમાન.

4) હવામાન વિભાગે આજે કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર સહિતનાં કેટલાંક રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી.

5) આઇપીએલ ક્રિકેટમાં આજે મુંબઇ ઇન્ડિયન્સનો સામનો દિલ્હી કેપિટલ્સ સામે થશે.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# UK-ISRAEL DIPLOMATIC FREEZE

બ્રિટને ઇઝરાયલ સાથેની વેપાર વાટાઘાટો સ્થગિત કરી છે, ઇઝરાયલી રાજદૂતને બોલાવ્યા છે અને ગાઝામાં વકરેલી પરિસ્થિતિને કારણે વેસ્ટ બેંક પર નવા પ્રતિબંધો લાદ્યા છે. વિદેશ સચિવ ડેવિડ લેમીએ ગાઝામાં ઇઝરાયલની લશ્કરી કાર્યવાહીને ગેરવાજબી ગણાવી હતી અને કહ્યું હતું કે, સહાય અટકાવવાથી એક મોટું માનવતાવાદી સંકટ સર્જાયું છે.

યુકેએ ત્રણ વ્યક્તિઓ અને ચાર કંપનીઓની સંપત્તિઓ સ્થગિત કરી છે લેમીએ ઇઝરાયલી મંત્રીની "ગાઝાને સાફ કરવા" અને પેલેસ્ટિનિયનોને અન્ય દેશોમાં ખસેડવા અંગેની ટિપ્પણીઓની પણ ટિકા કરી છે, આ ટિપ્પણીઓને ખતરનાક અને આત્યંતિક ગણાવી છે. ઇઝરાયલે યુકેની ટીકાને ફગાવી દીધી છે, અને કહ્યું છે કે, તે દબાણને કારણે તેની સુરક્ષા નીતિઓમાં ફેરફાર કરશે નહીં.

દરમિયાન, બ્રસેલ્સમાં મળેલી EU વિદેશ મંત્રીઓએ ઇઝરાયલ સાથેના તેમના વેપાર કરારની સમીક્ષા કરવા સંમતિ આપી છે. યુરોપિયન યુનિયન ઇઝરાયલનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે, જે તેના માલસામાનના 32 ટકા વેપાર માટે જવાબદાર છે.

. . . . . . . . . . . . . . .

# ALL PARTY DELEGATION VISIT

ઓપરેશન સિંદૂર પર વિદેશમાં ભારતના રાજદ્વારી સંપર્ક માટે અને પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને ખુલ્લો પાડવા જેડી-યુ સાંસદ સંજય કુમાર ઝાનાં વડપણ હેઠળ સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ આજે પાંચ દેશ માટે રવાના થયું. આ પ્રતિનિધિમંડળ ઇન્ડોનેશિયા, મલેશિયા, કોરિયા ગણરાજ્ય, જાપાન અને સિંગાપોરની મુલાકાત લેશે. રવાના થતાં પહેલા સંજય કુમાર ઝાએ આ મુજબ જણાવ્યું.....

**<u>(BYTE: સંજય કુમાર ઝા)</u>**

શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં અન્ય એક પ્રતિનિધિમંડળ આજે યુએઇ, લાઇબેરિયા, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને સિએરા લિયોન માટે રવાના થશે. ભારતનાં સફળ ત્રાસવાદ વિરોધી અભિયાન અને પાકિસ્તાનની કુખ્યાત પ્રવૃત્તિઓ અંગે આંતરરાષ્ટ્રીય સમુદાયને માહિતગાર કરવા સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળની રચના કરવામાં આવી છે. બહુપક્ષીય પ્રતિનિધિમંડળ પાંચ જુન સુધી કુલ 32 દેશની મુલાકાતે જશે.

. . . . . . . . . . . . . . . .

# DR. JAISHANKAR DENMARK

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે આતંકવાદ સામેની લડાઈમાં એકતા દર્શાવવા બદલ ડેનમાર્કનો આભાર વ્યક્ત કર્યો છે. ગઈકાલે ડેન્માર્કના પ્રધાનમંત્રી મેટ્ટે ફ્રેડરિકસેને તેમનું સ્વાગત કર્યું હતું. બંને નેતા વચ્ચેની બેઠકમાં ભારત-ડેનમાર્ક વચ્ચે હરિત વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા ચર્ચા કરવામાં આવી.

બેઠકમાં બંને દેશનાં દ્વિપક્ષીય સહયોગ વધારવા અને વૈશ્વિક પડકારોનો સામનો કરવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો. ડૉક્ટર જયશંકર 19 થી 24 મે દરમિયાન નેધરલેન્ડ, ડેનમાર્ક અને જર્મનીની સત્તાવાર મુલાકાતે છે. ગઈકાલે તેમણે નેધરલેન્ડની તેમની બે દિવસીય મુલાકાત સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

. . . . . . . . . . . . . . . .

# CHHATTISGARH - NAXALITES KILLED

છત્તીસગઢના નારાયણપુર જિલ્લાના અબુઝમાડ વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ટોચના નેતા સહિત 20 નક્સલીઓ માર્યા ગયા છે. ગોળીબાર દરમિયાન સુરક્ષા દળના એક જવાન ઇજાગ્રસ્ત થયા હતા . છત્તીસગઢના નારાયણપુર, દાંતેવાડા, બીજાપુર અને કોંડાગાંવ જિલ્લાના જિલ્લા અનામત દળની ટીમે બે દિવસ પહેલા અબુઝમાડ વિસ્તારમાં મોટી સંખ્યામાં માઓવાદીઓ અને નક્સલીઓના એક ટોચના કેડરની હાજરીની ગુપ્ત માહિતી મળ્યા બાદ સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું.

આજે સવારથી નક્સલીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ ચાલી રહી  છે.

. . . . . . . . . . . . . . . .

# FACT CHECK TEMPERATURE

સરકારે વિવિધ સોશિયલ મીડિયા ચેનલો દ્વારા પ્રસારિત કરાયેલી પોસ્ટ્સને ફગાવી દીધી છે, જેમાં દાવો કરવામાં આવ્યો કે, કેન્દ્ર સરકારે 29 મે અને બે જૂન વચ્ચે તાપમાનમાં 55 ડિગ્રી સેલ્સિયસ સુધીના સંભવિત વધારા અંગે હાઇ એલર્ટ જાહેર કર્યું છે.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોના ફેક્ટ ચેક યુનિટે સ્પષ્ટતા કરી કે, સરકારે આવી કોઈ સૂચના જારી કરી નથી અને નાગરિકોને ભારતીય હવામાન વિભાગની સત્તાવાર વેબસાઇટ તપાસવા સૂચના આપી છે.

. . . . . . . . . . . . . . . .

# GUJARAT LION

ગુજરાતના સૌરાષ્ટ્રમાં કુલ 891 સિંહ વસવાટ કરતાં હોવાનું સિંહોની વસ્તી ગણતરીમાં સ્પષ્ટ થયું છે. આજે ગાંધીનગર ખાતે 16માં સિંહ વસ્તી અંદાજના આંકડા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જાહેર કર્યા હતા. તાજેતરમાં જ રાજ્યમાં સિંહોની 16મી વસ્તી ગણતરી થઇ હતી. સિંહોની વસ્તીનો અંદાજ

જાહેર કરતાં મુખ્યમંત્રીએ પ્રોજેક્ટ લાયન 2047માં મહત્વની ભૂમિકા ભજવશે તેવી આશા વ્યક્ત કરી અને ગીરમાં વસતા સિંહ સહિત અન્ય વન્ય પ્રાણીઓને સાચવવાની જવાબદારી નિભાવવા નાગરિકોને અપીલ કરી હતી.

આ વર્ષે સિંહોની વસ્તી ગણતરીમાં 3 હજારથી વધુ લોકોએ ભાગ લીધો. બીજી તરફ વન વિભાગે સૌ પ્રથમ વખત સ્થાનિક સરપંચ અને આગેવાનોની પણ સિંહ ગણતરીમાં મદદ લીધી હતી, રાજ્યના વન વિભાગ દ્વારા 35 હજાર ચોરસ કિલોમીટરના વિસ્તારમાં સિંહ વસ્તી ગણતરી કરવામાં આવી જેમાં 11 જિલ્લાના 58 તાલુકાનો પણ સમાવેશ કરાયો હતો.

. . . . . . . . . . . . . . . .

# MIZORAM LITERACY

મિઝોરમને સંપૂર્ણ સાક્ષર રાજ્ય જાહેર કરાયું છે. 98.2 ટકાના સાક્ષરતા દર સાથે, મિઝોરમની સફળતા તેની મજબૂત સામુદાયિક ભાવના અને સમાવેશી શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

મુખ્યમંત્રી લાલદુહોમાએ આઈઝોલમાં મિઝોરમ યુનિવર્સિટી ખાતે કેન્દ્રીય શિક્ષણ રાજ્ય મંત્રી જયંત ચૌધરીની ઉપસ્થિતિમાં આ જાહેરાત કરી હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ સફળતા બદલ મિઝોરમની જનતાને અભિનંદન પાઠવ્યા છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પ્રધાને કહ્યું, દેશ માટે આ ગર્વની ક્ષણ છે. તેમણે એમ પણ કહ્યું કે,  સરકાર અને લોકોના સામૂહિક પ્રયાસોનું આ પરિણામ છે. શિક્ષણ મંત્રીએ કહ્યું કે મિઝોરમની આ સફળતા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પ્રેરણા આપશે. આ સફળતા વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવામાં મદદ કરશે.

. . . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે કર્ણાટકના દરિયાકાંઠાના અને ઘાટ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે આસામ, મેઘાલય, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે આંધ્રપ્રદેશ, બિહાર અને ઝારખંડમાં પણ ભારે વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગે આગામી 26 મે સુધી ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તરપ્રદેશમાં વાવાઝોડા, તોફાની પવન અને વીજળી સાથે વરસાદની આગાહી કરી છે. જ્યારે આગામી સાત દિવસ સુધી ઉત્તરપૂર્વ અને દક્ષિણ ભારતમાં પણ આ જ સ્થિતિ રહેવાની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે.

લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. 23 મે સુધી મંતવ્યો અને વિચાર સ્વીકારવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# RAJIV GANDHI TRIBUTE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી છે.

કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને વરિષ્ઠ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ નવી દિલ્હીમાં વીર ભૂમિ ખાતે પૂર્વ પ્રધાનમંત્રીને શ્રદ્ધાંજલિ આપી હતી. આજે રાજીવ ગાંધીની 34મી પુણ્યતિથિ છે.

. . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

**આઈપીએલ ક્રિકેટમાં, આજે મુંબઈ ઈન્ડિયન્સ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.**

**જોકે, વરસાદની 85 ટકા સંભાવના હોવાથી મેચ રમાશે કે નહીં તે અંગે અનિશ્ચિતતા છે. આ સ્થિતિમાં પરિણામ નક્કી કરવા ડકવર્થ-લુઇસ-સ્ટર્ન (ડીએલએસ) પદ્ધતિની જરૂર પડી શકે છે.**

**ગઇકાલે રાત્રે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સે ચેન્નાઈ સુપર કિંગ્સને છ વિકેટે હરાવ્યું. 188 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સે 17.1 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કર્યો.**

. . . . . . . . . . . . . . . .

**ISSF JUNIOR WORLD CUP**

શૂટિંગમાં, એડ્રિયન કર્માકરે ગઈકાલે જર્મનીના સુહલમાં ISSF જુનિયર વર્લ્ડ કપમાં 50 મીટર રાઇફલ પ્રોન ઇવેન્ટમાં સિલ્વર સાથે ભારતનું મેડલ ખાતું ખોલ્યું હતું.

------------

# FOOD PROCESSING

**ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્ર માટે કેન્દ્રની ઉત્પાદન સંલગ્ન પ્રોત્સાહન-PLI યોજના**

સાત હજાર કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષવામાં અને અત્યાર સુધીમાં બે લાખ 50 હજારથી વધુ નોકરીઓનું સર્જન કરવામાં સફળ રહી છે

કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલયના સંયુક્ત સચિવ રણજિત સિંહે ઉદ્યોગ સંગઠન ફિક્કીના કાર્યક્રમમાં જણાવ્યું કે, અત્યાર સુધી મંત્રાલયે આશરે

એક હજાર 600 પ્રોજેક્ટ્સને ભંડોળ આપ્યું છે, જેનાંથી 41 લાખ ટન અન્ન પસંસ્કરણ ક્ષમતા ઊભી થઈ છે અને નવ લાખ ખેડૂતોને લાભ થયો છે.

. . . . . . . . . . . . . . .